BRAMPTON

**Media Release**

ત્વરિત જાહેરાત માટે

# બ્રેમ્પટન ટ્રાન્ઝિટ માટે સીટી ઓફ બ્રેમ્પટનને કેનેડા ઈન્ફ્રાસ્ટ્રક્ચર બેંક પાસેથી $400 મિલિયન સુધીની કટિબદ્ધતા મળી

બ્રેમ્પટન, ઓન્ટેરિયો (જુલાઈ 21, 2021) – આજરોજ, સીટી ઓફ બ્રેમ્પટન અને કેનેડા ઈન્ફ્રાસ્ટ્રક્ચર બેંક (CIB) દ્વારા સૈદ્ધાંતિક રીતે તેઓના કરારની ઘોષણા કરવામાં આવી, જેમાં બ્રેમ્પટન ટ્રાન્ઝિટ દ્વારા 450 જેટલી ઝીરો-એમિશન બસીસ (ZEBs) ખરીદવા CIB પોતે વર્ષ 2027 સુધીમાં $400 મિલિયન સુધી આપવા કટિબદ્ધ થયું.

આ કરાર હેઠળ, CIB ધિરાણમાં ZEBs અને સ્ટ્રીટ પર ચાર્જીંગની માળખાગત સગવડ સંબંધિત ઊંચો સવેળા મૂડી ખર્ચ માટેનો ફાળો આવરી લેશે. એક મ્યુનિસિપાલિટી માટે CIB દ્વારા આ ત્રીજી ZEB ધિરાણ કટિબદ્ધતા દર્શાવવામાં આવી છે અને તેઓ કેનેડામાં આજની તારીખે પૂરેપૂરા ઈલેક્ટ્રિક જાહેર પરિવહન વાહનો માટે સૌથી વિશાળ રૂપાંતરણોમાંથી એકને ટેકો આપવાના છે.

સંપૂર્ણપણે ઈલેક્ટ્રિક બસ કાફલામાં પરિવર્તન કરીને કાર્બન ફૂટપ્રિન્ટ ઘટાડવા અને હરિયાળુ શહેર બનાવવા સીટી પોતાની કટિબદ્ધતાઓને વળગી રહે છે. ZEBs એ ટકાઉ પરિવહન વાહનો છે જે આપણાં સમુદાયને કાર્યક્ષમ, શાંત અને સ્વચ્છ પ્રવાસ પૂરો પાડશે.

ટ્રાન્ઝિટ વાહનોનું વીજળીકરણ વર્ષ 2050 સુધીમાં બ્રેમ્પટનમાં ઉત્સર્જન થતા ગ્રીન હાઉસ ગેસીસ (GHGs) ઘટાડવામાં સીટીના પ્રવાસમાં નિર્ણાયક સીમાચિહ્નરૂપ બની રહે છે. હાલમાં, બ્રેમ્પટન ટ્રાન્ઝિટના કાફલામાં આઠ બેટરી સંચાલિત ઈલેક્ટ્રિક બસો અને ચાર ઓવરહેડ ચાર્જર્સ સામેલ છે જેનાથી દર વર્ષે બસ દીઠ લગભગ 235 ટન $CO_2$ (કાર્બન ડાયોક્સાઈડ) બચાવી શકાય છે; જેમાં 133  હાઇબ્રિડ-ઈલેક્ટ્રિક ઝુમ બસો સામેલ છે.

અંતિમ કરાર બ્રેમ્પટન સીટી કાઉન્સિલ અને રીજીયનલ કાઉન્સિલની મંજૂરીને અધીન રહેશે. CIB અને સીટી ઓફ બ્રેમ્પટન નાણાકીય વ્યવહાર વર્ષ 2021 નાં અંત સુધીમાં પૂરો કરવાની અપેક્ષા રાખે છે.

**કડીઓ (લિંક્સ)**

- સીટી ઓફ બ્રેમ્પટનની 450 ઝીરો-એમિશન બસોના પરિવર્તન માટે કેનેડા ઈન્ફ્રાસ્ટ્રક્ચર બેંક $400 મિલિયન આપવા કટિબદ્ધ થયું

**અવતરણો (ક્વૉટ્સ):**

"હું બ્રેમ્પટન ટ્રાન્ઝિટ માટે CIB ની અનેક મિલિયન ડોલર્સની કટિબદ્ધતાને આવકારવામાં ગૌરવ અનુભવું છું. અમે આગામી છ વર્ષોમાં બ્રેમ્પટનના રોડ્સ પર 450 જેટલી ઝીરો-એમિશન બસો ખરીદવાના અમારા લક્ષ્ય સાથે કેનેડામાં જાહેર પરિવહનમાં ક્રાંતિ લાવી રહ્યાં છીએ. બ્રેમ્પટન એક હરિયાળુ શહેર છે, અને સાથે મળીને, આપણે આપણી કાર્બન ફૂટપ્રિન્ટ ઘટાડી શકીએ છીએ અને વધારે આધુનિક અને ટકાઉ શહેર બનાવી શકીએ છીએ."

- *પૅટ્રિક બ્રાઉન (Patrick Brown), મેયર, સીટી ઓફ બ્રેમ્પટન*

"આ એક નોંધપાત્ર કટિબદ્ધતા છે. બ્રેમ્પટન સ્વચ્છ પરિવહન પહેલોમાં અગ્રણી છે, અને ટ્રાન્ઝિટ પ્રત્યેની આ કટિબદ્ધતાથી આપણાં રહેવાસીઓના જીવનની ગુણવત્તામાં સુધારો આવશે. આપણાં ટ્રાન્ઝિટ નેટવર્કનું ઈલેક્ટ્રિફિકેશન હરિયાળુ શહેર બનાવવાની આપણી કાઉન્સિલની કટિબદ્ધતામાં અગ્રતા ધરાવે છે."

- *પૉલ વિસેંટ (Paul Vicente), પ્રાદેશિક કાઉન્સિલર, વૉર્ડ્સ 1 અને 5; અધ્યક્ષ, પબ્લિક વર્ક્સ એન્ડ એન્જીનીયરિંગ, સીટી ઓફ બ્રેમ્પટન*

"CIB ની કટિબદ્ધતા સારી રીતે જોડાયેલી, ટકાઉ, અને ઊર્જા-કાર્યક્ષમ પરિવહન તંત્ર અને સૌ માટે હરિયાળુ શહેર બનાવવા શહેરના સમર્પણને ટેકો આપે છે. અમે બ્રેમ્પટનમાં રોકાણ લાવવા અમારા હિતધારકો સાથે કામ કરવાનું ચાલુ રાખવા આશાવાદી છીએ."

- *ડેવિડ બેરિક (David Barrick), ચીફ એડમિનિસ્ટ્રેટિવ ઓફિસર, સીટી ઓફ બ્રેમ્પટન*

"કાયમી પ્રવાસ મોડેલને ઉપલબ્ધ કરાવતા સુધારાઓ લાંબા-ગાળાના વિકાસ માટે રીજીયન ઓફ પીલના હેતુઓ હાંસલ કરવા અને આરોગ્યપ્રદ અને રહેવા યોગ્ય સમુદાયો માટે નિર્ણાયક બને છે. 2027 સુધીમાં બ્રેમ્પટન ટ્રાન્ઝિટ માટે 450 જેટલી ઝીરો-એમિશન બસો ખરીદવા કેનેડા ઈન્ફ્રાસ્ટ્રક્ચર બેંકની $400 મિલિયન સુધીની કટિબદ્ધતા પર્યાવરણલક્ષી, સામાજિક અને આર્થિક ટકાઉપણાંને અગ્રતા આપીને વિકાસને અનુકૂળ બનાવવાનો હેતુ ધરાવતી પહેલનું એક આદર્શ ઉદાહરણ છે."

- *નાન્ડો ઈઆનિકા (Nando Iannicca), પ્રાદેશિક અધ્યક્ષ*

"હું આનંદિત છું કે સીટી ઓફ બ્રેમ્પટનની ZEB પહેલમાં CIB મોટા પાયે રોકાણ કરી રહ્યું છે. આપણી ભાગીદારી બ્રેમ્પટનને હરિયાળુ શહેર બનાવવામાં અને આવનારી પેઢીઓ માટે વધારે સ્વચ્છ જાહેર પરિવહન પૂરું પાડવામાં મદદરૂપ થશે. આ મ્યુનિસિપલની માળખાગત સગવડનું આધુનિકીકરણ કરવામાં તફાવત લાવવાની એક વિપુલ તક છે. CIB કેનેડાવાસીઓ માટે જીવનની ગુણવત્તા સુધારે તેવા રોકાણો કરવાનું અને વધારે ટકાઉ સમુદાયોને ટેકો આપવાનું ચાલુ રાખશે."

- *ઍહ્રેન કૉરી (Ehren Cory), પ્રમુખ અને CEO, કેનેડા ઈન્ફ્રાસ્ટ્રક્ચર બેંક*

"આપણાં બાળકો માટે વધારે સાફ હવા, બહુ શાંત સ્ટ્રીટ્સ, અને સુરક્ષિત પૃથ્વી – લક્ષ્ય આ છે. સીટી ઓફ બ્રેમ્પટન સાથે ભાગીદારી કરીને, કેનેડા ઈન્ફ્રાસ્ટ્રક્ચર બેંક બ્રેમ્પટનની સ્ટ્રીટ્સ પર 450 જેટલી નવી ઝીરો-એમિશન બસો લાવવામાં, દેશભરમાં 5,000 વધુ ઝીરો એમિશન બસોની આપણી કટિબદ્ધતામાં મદદરૂપ થશે. તે સારી નોકરીઓનું સર્જન કરીને અને અર્થતંત્રને શરૂ કરીને, આબોહવામાં ફેરફારનો સામનો કરીને, અને વધારે સર્વગ્રાહી સમુદાયો બનાવીને, ગવર્મેન્ટ ઓફ કેનેડાની બધાં કેનેડાવાસીઓના જીવનની ગુણવત્તા સુધારવાની યોજનાનો ભાગ છે."

- *માનનીય કૅથેરિન મૅકેન્ના (Catherine McKenna), મિનિસ્ટર ઓફ ઈન્ફ્રાસ્ટ્રક્ચર એન્ડ કમ્યુનિટીસ*

-30-

**કૅનેડાના સૌથી ઝડપી વિકાસ કરતા શહેરો પૈકી એક તરીકે બ્રૅમ્પટનમાં 7,00,000 કરતા વધુ લોકો વસે છે અને તેમાં 75,000 વ્યવસાયો છે.** અમે જે કઈ કરીએ છીએ તેનો હાર્દ છે લોકો. અમને ઊર્જા મળે છે અમારા વિવિધ સમાજોમાંથી, અમે રોકાણ માટે આકર્ષણનું કેન્દ્ર છીએ અને અમે તકનિકી અને પર્યાવરણીય નવિનતા તરફ દોરી જતી યાત્રાનું નેતૃત્વ કરીએ છીએ. અમારી ભાગીદારી એવા નિરોગી શહેરના વિકાસ માટે છે જે સુરક્ષિત, ટકાઉ અને સફળ હોય. અમારી સાથે Twitter, Facebook, અને Instagramપર જોડાવ. વધુ જાણવા માટે www.brampton.ca.

**મિડિયા સંપર્ક :**
પ્રભજોત કૈંથ (Prabhjot Kainth)
કોર્ડિનેટર, મીડિયા એન્ડ કમ્યુનિટી એન્ગેજમેન્ટ
સ્ટ્રેટેજીક કમ્યુનિકેશન
સીટી ઓફ બ્રેમ્પટન
905-874-3426 | Prabhjot.Kainth@brampton.ca

BRAMPTON

Media Release

જુલી ડેઝાર્ડિન્સ (Julie Desjardins)
કેનેડા ઈન્ફ્રાસ્ટ્રક્ચર બેંક
514-963-3478 | jdesjardins@cib-bic.ca